# સુરત મહાનગરપાલિકા

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

ફોન : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬

મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.


નં.સા.વે.ઝોન(અઠવા)/આ. 3525
તા. ૨૩/૦૮/૨૦૨૫

## કવોટેશન

વિષય :– સાઉથ વેસ્ટ ઝોનના વોર્ડ નં. ૨૦,૨૧,૨૯ અને ૩૦ વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમ્યાન પ્લાન્ટેશન, ટ્રી ટ્રીમીંગ તેમજ વિવિધ પ્રકારની બાગબાની નિભાવ કામગીરી કરવા મજૂરો પુરા પાડવા બાબત.

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમા ચોમાસાની ઋતુ દરમ્યાન પ્લાન્ટેશન, ટ્રી ટ્રીમીંગ તેમજ વિવિધ પ્રકારની બાગબાની નિભાવ કામગીરી કરવા મજૂરો પુરા પાડવાના કામે ક્વોટેશન મંગાવવામાં આવે છે.

**પત્રક – અ**

| ક્રમ | વિગત | પ્રતિ દિન ૮ (આઠ) કલાક માટે પ્રતિ કામદાર/મજુરનો ભાવ રૂ. (અંકમાં) | પ્રતિ દિન ૮ (આઠ) કલાક માટે પ્રતિ કામદાર/મજુરનો ભાવ રૂ. (શબ્દોમાં) |
|---|---|---|---|
| ૧ | **તમામ પ્રકારની હોર્ટીકલ્ચર નિભાવની કામગીરી માટે દૈનિક ૦૪(ચાર) અનુભવી કામદારો/ મજૂરો પુરા પાડવાનું કામ.** | | |

**શરતો :–**

(૧) મંજૂર થયેલ ભાવ સુ.મ.પા. હદ વિસ્તારમાં કામ માટેના દૈનિક ૮ (આઠ) કલાક માટેના રહેશે. જે મંજૂર દર મુજબ અઠવાડિક રજા અને જાહેર રજાના દિવસો દરમ્યાન પ્રતિ ૮(આઠ) કલાકની ૧ શીફટથી સદર દિવસે વધુ શીફટમાં પણ જણાવેલ કામ માટે લાગુ પડતા કાયદાના નિયમ મુજબ સતત કામગીરી કરવાની રહે ત્યારે તે મંજૂર દર મુજબ કામગીરી કરવાની રહેશે.

(૨) આ કામગીરી માટેનો સર્વિસ ટેક્ષ તથા અન્ય વધારાના લાગુપડતા વખતો વખતના ટેક્ષ, જીએસટી સહિતના દર પ્રતિ ૮(આઠ) કલાકના આપવાના રહેશે.

(૩) સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં પ્લાન્ટેશન કરવા માટે તેમજ અન્ય બાગબાની નિભાવ કામગીરી કરવા માટેના જરૂરી તમામ સાધન સામગ્રી ઈજારદારે જે તે સમયે કામગીરી થઈ શકે તે પ્રકારે ઈજારા સમય દરમ્યાન રાખવાની રહેશે.

(૪) કામદારોનું લેબર લાઈસન્સ, પી.એફ. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ વર્ક ઓર્ડર મળ્યેથી રજુ કરવાનું રહેશે.

(૫) સદર કામગીરી દરમ્યાન કોઈ પણ અકસ્માત, માલહાની કે જાનહાની ન થાય તે માટે સેફટી મેજર્સનું ધ્યાન રાખી અમલ કરવાનું રહેશે. જે બાબતે કોઈ પણ અકસ્માત, માલહાની કે જાનહાની થાય કે કોઈપણ અનિયમિતતા અંગે સુ.મ.પા. ની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૬) સદર કામગીરી સુરત મહાનગરપાલિકાના સુચવ્યા મુજબના કોઈ પણ સ્થળે દિવસ તેમજ રાત્રી દરમ્યાન તેમજ જાહેર રજાના દિવસો અને અઠવાડિક રજાના દિવસ દરમ્યાન પણ કામની જરૂરીયાત મુજબ સુ.મ.પા.ના જવાબદાર કર્મચારી દ્વારા આપેલ સુચના મુજબ કરવાની રહેશે.

(૭) કોન્ટ્રાકટરે કામગીરી માટે રોકેલ માણસોને માળી ધ્વારા કે સુપરવાઈઝર ધ્વારા બતાવ્યા મુજબનું તમામ મજુરી કામ પણ કરવાનું રહેશે.

(૮) કોન્ટ્રાકટરે આ કામગીરી અંગે રોકેલ સ્ટાફ ૨૧ વર્ષ થી ૪૦ વર્ષની વય મયાર્દાનો અને શારીરિક રીતે તંદુરસ્ત હોવો જોઈએ.

(૯) કોન્ટ્રાકટરે રોકેલ માણસોને સફાઈ માટેનાં સાધનો જેવા કે ઝાડુ, બંબુ ઝાડુ, કચરો ભરવા માટેનાં કોથળા અન્ય જરૂરીયાત મુજબનાં સાધનો ઉપરાંત કાતર, સીકેટર, ખુરપી, પાવડા, તગારા, ત્રિકમ, દંતાળી આપવાના રહેશે. કોન્ટ્રાકટ અનુસંધાને રોજીંદી કામગીરી માટે ઉપર જણાવ્યા મુજબનાં સાધનો આપવાની અને તેની તુટ–ફુટ અંગેની કોઈ જવાબદારી કોર્પોરેશનની રહેશે નહી.

ઝોન વિસ્તારમાં પડી ગયેલ ઝાડનો તેમજ ભયજનક ઝાડના જરૂરી ટ્રીમીંગથી કાપેલ લાકડા અને કચરાના નિકાલ કરવાની કામગીરી કરવા માટે જરૂરી ચેઈન શો, દોરડા, જનરેટર, કુહાડી, લોંગ પ્રુનર, વિગેરે જરૂરી તમામ સાધન સામગ્રી ઈજારદારે જે તે સમયે કામગીરી થઈ શકે તે પ્રકારે ચાલુ હાલતમાં ઈજારા સમય દરમ્યાન રાખવાની રહેશે.

(૧૦) કોન્ટ્રાકટરે કામગીરીનાં સ્થળે રોકેલ સ્ટાફને હાજરી કાર્ડ આપવાનું રહેશે. આ હાજરી કાર્ડમાં જે તે સાઈટ પરનાં બગીચા ખાતાનાં સુપરવાઈઝરી સ્ટાફની રોજે–રોજ સહી કરાવવાની રહેશે અને માસને અંતે આવા હાજરી કાર્ડ ઝોનમાં સુપરવાઈઝરને જમા કરાવવાનાં રહેશે.

(૧૧) કોન્ટ્રાકટરે કામગીરી અંગે રોકેલ સ્ટાફની નામાવલી અને તેમનાં સરનામા સાથેની વિગતો અલગથી સંબંધિત ઝોનનાં સુપરવાઈઝરને આપવાની રહેશે.

(૧૨) કોન્ટ્રાકટર ધ્વારા કામગીરી માટે રોકેલ મજૂર સ્ટાફ સમયસર ફરજનાં સ્થળે હાજર રહી સમય મર્યાદામાં કામ પૂર્ણ કરે તે જોવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કોન્ટ્રાકટરે રોકેલ આવા સ્ટાફની સમયસર હાજરી બાબતે કોર્પો.નાં સુપરવાઈઝર ધ્વારા કરવામાં આવેલ કપાત કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

(૧૩) કોન્ટ્રાકટર રોકેલ મજૂર સ્ટાફ કોઈ ગેરવર્તણૂક કે ગેરકાયદેસર પ્રવૃતિ કરતો માલુમ પડશે તો તેવા સ્ટાફને સુપરવાઈઝરની સુચનાથી તાત્કાલીક છૂટો કરવાનો રહેશે અને આ બાબતે કોઈ વિવાદ ઉભો થાય તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આવા સંજોગોમાં કોર્પોરેશન તરફથી કોન્ટ્રાકટરને કોઈ કાયદાકીય સેવાઓ કે મદદ પૂરી પાડવામાં નહી આવે. કોર્પો.ને અનુકૂળ ન આવે તેવા મજુરને તાત્કાલીક કોન્ટ્રાકટરે કામ ઉપરથી દૂર કરવાનાં રહેશે.

(૧૪) કોન્ટ્રાકટરને સોંપેલી કામગીરી માટે કોન્ટ્રાકટરે મ્યુ.કોર્પો. નકકી કરેલ સમય મુજબ ૮ કલાકની શીફટમાં કામગીરી કરાવવાની રહેશે. કોન્ટ્રાકટર ધ્વારા કામગીરી માટે રોકેલ મજુર સ્ટાફ સમયસર હાજર રહે તે જોવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. ફરજ ઉપર મોડા આવેલ માણસોની તે દિવસની હાજરીની કપાત ગણવામાં આવશે જેકોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

(૧૫) કોન્ટ્રાકટર ધ્વારા કામગીરી અંગે રોકવામાં આવેલ મજુર સુરત મહાનગરપાલિકાના કર્મચારી ગણાશે નહી કે સુરત મહાનગરપાલિકાના ધ્વારા રોકવામાં આવેલ સ્ટાફ ગણાશે નહી. આ અંગે કોઈ હક, દાવો કે તકરાર ઉભી થાય તો તે માન્ય રાખવામાં આવશે નહી.

(૧૬) કામગીરી દરમ્યાન કોન્ટ્રાકટરે રોકેલ સ્ટાફને, જાહેર જનતાને કોઈ પણ પ્રકારની ઈજા કે નુકશાન થાય તે અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે વાદ–વિવાદ કે વળતરની જવાબદારી પણ કોન્ટ્રાકટરની રહેશે.

(૧૭) કોન્ટ્રાકટરે જાહેર સ્થળોએ કામગીરી કરાવવાની હોઈ જાહેર જનતાને કનડગત ન થાય તે બાબતની તકેદારી રાખી કામગીરી કરાવવાની રહેશે.

(૧૮) કોન્ટ્રાકટરે રોકેલ મજુર સ્ટાફને બગીચા / નર્સરીમાં કે કોઈ પણ સંજોગોમાં રહેવા માટેની છૂટ આપવામાં નહી આવે.

(૧૯) કોન્ટ્રાકટરે કામગીરી માટે રોકેલ મજુર સ્ટાફને સ્થળ ઉપર લાવવા લઈ જવાની વ્યવસ્થા જાતે કરવાની છે. આ માટે કોર્પો. ધ્વારા કોઈ સગવડ આપવામાં આવશે નહી કે અલગથી કોઈ રકમ ચૂકવવામાં આવશે નહી.

(૨૦) કોન્ટ્રાકટર પાસે સરકારી નિયમ અનુસાર લેબર સપ્લાય કામનુ લાયસન્સ હોવું જોઈએ અથવા મ્યુ.કોર્પો. ધ્વારા કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપ્યેથી ૧ માસની અંદર આવું લાયસન્સ મેળવી લેવાનું રહેશે. જો કોન્ટ્રાકટર ધ્વારા આ શરતનું પાલ નહી થાય તો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

(૨૧) કોન્ટ્રાકટરે લેબર સપ્લાય કામનાં કોન્ટ્રાકટ સંબંધી પ્રવર્તમાન સરકારી કાયદાનું ચુસ્ત પાલન કરવાનું રહેશે અને આ બાબતે સરકારી કાયદાનાં ભંગ બદલ જે કોઈ જવાબદારી ઉભી થશે તે અંગે કોન્ટ્રાકટરની પોતાની જવાબદાર રહેશે.

(૨૨) કોન્ટ્રાકટરે રોકેલા સ્ટાફને જે તે સમયે પ્રવર્તમાન સરકારી લઘુતમ વેતનદર પ્રમાણે વેતન ચૂકવવાનું રહેશે. કોન્ટ્રાકટરે સરકારી લઘુતમ વેતનધારામાં જે તે સમયે તથા સરકારી ફેર–ફાર મુજબ તેનું પાલન કરવાનું રહેશે.

(૨૩) આ અંગે સર્વીસ ટેક્ષ કે અન્ય કોઈ પણ સરકારી કર ચૂકવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૪) કોન્ટ્રાકટર દૈનિક ઓછામાં ઓછા ૦૪ (ચાર) અનુભવી મજૂરો પુરા પાડવાના રહેશે. કોન્ટ્રાકટરે કામગીરી માટે રોકેલ મજુરોની ગેરહાજરીના સંજોગોમાં કોન્ટ્રાકટરે તાત્કાલીક વૈકલ્પીક વ્યવસ્થા કરવાની રહેશે. કોન્ટ્રાકટર ધ્વારા વૈકલ્પીક વ્યવસ્થા ન કરી શકવાના સંજોગોમાં ગેરહાજર કામદારોનું ચૂકવણું કરવામાં આવશે નહી અને ગેરહાજર પ્રતિ મજૂર દીઠ (૮ કલાકની એક શીફટના) રૂા.૪૦૦–૦૦પૈ. મુજબ કોન્ટ્રાકટરના બીલમાંની પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૨૫) કવોટેશનનાં કોઈ પણ નિયમ કે પેટા નિયમનાં ભંગ બદલ પ્રસંગદિઠ રૂ.૫૦૦/–થી રૂ.૧,૦૦૦/– સુધીની રકમનો કોન્ટ્રાકટરને દંડ કરવામાં આવશે.

(૨૬) કોન્ટ્રાકટરને જાણ કર્યેથી તુરંત જ જણાવ્યા મુજબની સંખ્યામાં મજુરોની વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગે કોઈ આનાકાની ચાલશે નહી.

(૨૭) કોન્ટ્રાકટરને કરેલ કામ અંગે શીફટ દીઠ મજુરોની પ્રતિ દિન હાજરી મુજબ ગણતરી કરી માસિક ધોરણે બીલ રજૂ કરવાનું રહેશે જે મુજબ કોન્ટ્રાકટરને બીલનું પેમેન્ટ કરવામાં આવશે.

(૨૮) કોન્ટ્રાકટરે વર્ક–ઓર્ડર મળ્યેથી જણાવેલ સમયમાં કામગીરી શરૂ કરવાની રહેશે. કોન્ટ્રાકટર ધ્વારા સમયસર કામગીરી ન શરૂ કરી શકવાના સંજોગોમાં કોન્ટ્રાકટર પાસેથી લેઈટ કામગીરી બદલ કવોટેશન પત્રમાં દર્શાવ્યા મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૨૯) કવોટેશન ભરેલ કોન્ટ્રાકટરો પૈકી અન્ય કોઈ પણ કોન્ટ્રાકટરને પણ આ ભાવે કામ આપવામાં આવે તો બીજા માન્ય કોન્ટ્રાકટરો વાંધો લઈ શકશે નહી.

(૩૦) એકી વખતે એક કરતાં વધુ જગ્યાઓએ કામ શરૂ કરવાનો વર્ક ઓર્ડર મળે તો કામ એક સાથે જ બધે શરૂ કરવું પડશે. એક કામ પુરૂ થયા પછી બીજુ કામ શરૂ કરીએ એવું ચાલશે નહી.

(૩૧) ચાઈલ્ડ લેબર એમ્પલોય કરી શકાશે નહી.

(૩૨) કોઈપણ કારણસર કવોટેશન રદ કરવામાં આવે તો કોન્ટ્રાકટર તે અંગે કોઈપણ પ્રકારનો હકક દાવો કે વળતરની માંગણી કરી શકશે નહિ. આ શરત સ્વીકાર્ય હોય તેમણે જ કવોટેશન ભરવું.

(૩૩) સદર કવોટેશનની કવોન્ટીટી અંદાજીત વાર્ષિક જરૂરીયાત દર્શાવે છે. કોન્ટ્રાકટરે વર્ક ઓર્ડર મળ્યેથી વર્ષ દરમ્યાન કવોટેશનના મંજુર થયેલ ભાવથી કામગીરી કરવાની રહેશે. અંદાજીત કવોન્ટીટીમાં વર્ષ દરમ્યાન જે પણ વધ–ઘટ થાય તે કોન્ટ્રાકટરને સ્વીકાર્ય રહેશે અને વર્ષ દરમ્યાન કવોન્ટીટી વધના કિસ્સામા કોન્ટ્રાકટર કવોટેશનના મંજુર થયેલા ભાવથી કામગીરી કરવા બંધાયેલ રહેશે.

(૩૪) કવોટેશન ભરનાર કોન્ટ્રાકટરને આ મુજબના કામનો અનુભવ હોવો જોઈએ.

(૩૫) જે પાર્ટીના રેટ કોન્ટ્રાકટ મંજુર થાય તે પાર્ટીએ નિયમ મુજબ ભરવાની થતી સીકયુરીટી ડીપોઝીટની રકમ જાણ થયેલી દિન–૧૦ માં ભરવાની રહેશે.
(૩૬) કોન્ટ્રાકટર કોઈ પણ પેટા કોન્ટ્રાકટર રાખી કામગીરી કરાવી શકશે નહી.
(૩૭) ઉપરોકત કોઈ પણ શરતનો ભંગ થયેથી કોન્ટ્રાકટરની ડીપોઝીટ જપ્ત કરવાની અને જરૂરત જણાયેથી કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટ કરવા સુધીની કાર્યવાહી કરવમાં આવશે.
(૩૮) વર્ષ દરમ્યાન કોઈ પણ કારણ આપ્યા વીના કોન્ટ્રાકટ રદ કરવાની સતા મ્યુ.કમિશનરશ્રી ની રહેશે.
(૩૯) ઈજારદારે ભાવ દરેક પ્રકારના ટેક્ષ, જીએસટી સહીતના ભરવાના રહેશે.
(૪૦) આ કોન્ટ્રાકટનાં સંદર્ભમાં કોઈ વાદ–વિવાદ ઉભો થાય તો તેની સુરતની હકુમતની કોર્ટમાં જ નિકાલ કરવાનો રહેશે. (સબજેકટ ટૂ સુરત જયુરીડીકશન).
(૪૧) <u>ઈજારદારે ઉપરોકત દર્શાવેલ પત્રક – અ માં દર્શાવ્યા મુજબના ભાવ આપના લેટરપેડ પર તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવરની ઉપર વિષય લખી કાર્યપાલક ઈજનેર સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન સુરતની ઓફિસે રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ,ફકત પોસ્ટલ ઓથોરીટી ધ્વારા મોકલવાના રહેશે.</u>
(૪૨) કવરની ઉપર કામનું નામ અવશ્ય લખવું.
(૪૩) બાનાની રકમ પેટે રૂા.૨,૦૦૦.૦૦પૈ. નો ડિમાન્ડ ડ્રાફટ અથવા ચેક, કમીશનરશ્રી સુ.મ.પા.ના નામનો કવોટેશન સાથે સામેલ કરવાનો રહેશે.
(૪૪) બીન શરતી કવોટેશન જ સ્વીકારવામાં આવશે.
(૪૫) કોઇ પણ કવોટેશન સ્વીકારવા અથવા કોઇપણ અથવા તમામ કવોટેશન નકારવા અથવા એકથી વધુ કવોટેશન ભરનારાઓ વચ્ચે ઓર્ડરની વહેંચણી કરવાનો સર્વ હકક મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે અંગે કોઇપણ કારણ આપવામાં આવશે નહી.
(૪૬) કામગીરીના સંદર્ભમાં જે કોઇ વિવાદ ઉત્પન્ન થાય તે માટે સુરતની કોર્ટની હકુમતને આધીન રહેશે.

ઉપરોકત શરતો મે વાંચી છે અને મને મંજુર છે.

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન

ઈજારદારની સહી, સિકકો, સરનામું